## સિક્કો ઉછાળ્યો..?

ઘણી વખત એવું થતું હોય કે માણસ મૂંઝવણ અનુભવે. એની પાસે જે બે અલગ અલગ પસંદગી હોય એમાંથી કોઈ એક એ નક્કી કરી ના કરી શકે અને ત્યારે એ સિક્કો ઉછાળે!

એક સિક્કાની બે બાજુ અને એ બંનેમાંથી કોઈ એકમાં છુપાયેલું તમારું નસીબ તમને સાચા રસ્તે જ દોરશે એની કોઈ ગેરંટી ખરી? કઈ બાજુ સાચી અને કઈ બાજુ ખોટી એ નક્કી કેમનું કરશો?



બે મિત્રો સાથે મળીને ધંધો કરતાં. એમાનો એક ખૂબ જ હોશિયાર. એ જે નક્કી કરે એની ઉપર બીજો મિત્ર આંખો બંધ રાખીને ભરોસો કરી લે અને છેલ્લે એ નિર્ણય લાભકર્તા જ સાબિત થતો. જ્યારે પણ પસંદગી કરવામાં મૂંઝવણ અનુભવાય એ હોશિયાર મિત્ર થોડીવાર એક રૂમમાં પુરાઈ જતો અને બહાર આવે ત્યારે એની પાસે જવાબ રેડી હોય. એકવાર પેલા બીજા મિત્રને જાણવાની ઈચ્છા થઈ કે, આ રૂમમાં પુરાઈને એકલો કરે છે શું? એની પાસે દરેક વખતે સાચો જવાબ જ કેવી રીતે આવી જાય



### લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

છે... એણે રૂમમાં છુપાઈને ડોકિયું કર્યું અને જે જોયું એનાથી એ ગુસ્સે થઈ ગયો.

જેવો પેલો મિત્ર રૂમમાંથી બહાર આવ્યો કે તરત જ બીજો મિત્ર એને બોલવા લાગ્યો, 'મેં જોઈ લીધું છે કે તું દરેક વખતે સાચો વિકલ્પ કઈ રીતે પસંદ કરે છે. મને એમ હતું કે તું ખૂબ હોશિયાર, બુધ્ધિશાળી છે અને તર્કબધ્ધ વિચારીને નિર્ણય લેતો હશે પણ તું તો સાવ છોકરમત જેવુ કરે છે. આપણાં ભવિષ્યના જરૂરી નિર્ણયો તું સિક્કો ઉછાળીને લે છે! આટલું કરવા તારે રૂમમાં ભરાઈ જવાની શું જરૂર પડે છે, એ કામ તું મારી હાજરીમાં પણ કરી શકે છે.'

પહેલો મિત્ર જરાક હસ્યો અને બીજા મિત્રને ખભે હાથ મૂકીને કહ્યું, 'તારી વાત સાચી છે કે હું સિક્કો ઉછાળીને નિર્ણય લઉં છું, પણ સિક્કો ઉછાળ્યા બાદ કઈ બાજુ આવી એ હું ક્યારેય જોતો નથી. સિક્કો હવામાં હોય અને ત્યાંથી મારા હાથમાં આવે એ વચ્ચેની સેકંડ્સમાં હું મારા દિલનો અવાજ સાંભળું છું! દિલ કઈ બાજુ આવે એમ ઈચ્છે છે એટલી ખબર પડી જાય એટલે હું નિર્ણય લઈ લઉં છું અને મોટાભાગે એ નિર્ણય સાચો જ હોય છે!'

જાદુ સિક્કો ઉછાળવામાં નથી પણ તમારા દિલનો અવાજ સાંભળવામાં છે! દુનિયાનો કોઈ નિર્ણય સો ટકા સાચો કે સો ટકા ખોટો નથી તમારા માટે જે વધારે અનુકૂળ છે એ જ સાચું છે...

# 'બાય બાય કોરોના' હવે કવિઓ કોરોનાની દવા કવિતાથી કરશે!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર રોટરી કલબ, રોટરી ક્લબ અમદાવાદ નોર્થ અને ગાંધીનગર સાહિત્યસભા સંયુક્ત ઉપક્રમે 'બાય બાય કોરોના...' કાવ્ય મહેફિલ યોજી રહ્યું છે. આ કાવ્ય મહેફિલમાં કવિ શ્રી કિશોર જીકાદરા, કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ', કવિ શ્રી સંજય થોરાત 'સ્વજન' અને કવિયત્રી સુશ્રી અનિલાબેન શાહ કવિતા પ્રસ્તુત કરશે.

વેબિનાર દ્વારા યોજાનાર કાવ્ય મહેફિલ રવિવાર દિનાંક ૧૭મી મેના રોજ સાંજે ચાર વાગ્યે યોજાશે. આ કાવ્ય મહેફિલનું સંચાલન આકાશવાણી ઉદ્ઘોષિકા નેહલ ગઢવી દ્વારા કરવામાં આવશે. રોટરી કલબના પ્રમુખ ડો. દર્શન શાહ અને ડો. ધર્મેન્દ્ર પટેલ તેમજ સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલે સૌને આ કાવ્ય મહેફિલમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું છે. હવે કવિઓ કવિતા દ્વારા કોરોનાની દવા કરશે.






### રક્તદાન - મહાદાન

ગાંધીનગર શહેરના યુવા અગ્રણી અને ભાજપાના વરિષ્ઠ કાર્યકર શ્રી કેતનભાઈ પટેલે આજે જરૂરિયાતવાળા દર્દી માટે રક્તદાન કરી પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આજે બપોરે ગાંધીનગરના એક દર્દીની સ્થિતિ ગંભીર બનતા તેમને ઓ-પોઝીટીવ લોહીની જરૂરિયાત ઊભી થઈ હતી. જેમા પગલે કેતનભાઈ પટેલ શ્રદ્ધાદીપ બ્લડ બેંકમાં પહોંચી અને પોતાનું ઓ-પોઝીટીવ લોહી તાત્કાલિક દર્દીને પહોંચાડવા રક્તદાન કર્યું હતું. આ કામગીરી શ્રદ્ધાદીપ લેબોરેટરીના મહેન્દ્રભાઈ ગજ્જરે બજાવી હતી.

# ગાંધીનગર રેડક્રોસ દ્વારા ગરીબોને અનાજ વિતરણ







ગાંધીનગર, તા. ૧૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા શહેરી પછાત એવા આદિવાડા પ્રેસ છાપરા અને ચરેડી ખાતે વિધવા, વૃદ્ધ અશક્ત અને નિરાધાર એવા ૩૫ કુટુંબોને રેડક્રોસનાં રામસિંહભાઈ (દેનાબેંક) દ્વારા અનાજ - કરિયાણાની ૩૫ કીટો ઘરે ઘરે જઈ રૂબરૂ જીઆઈડીસીમાં ફસાયેલા પરપ્રાંતીય-૭૦ મજૂરોને ૨-ટાઈમ જમવાનું રેડક્રોસ દ્વારા પુરું પાડવામાં આવે છે.




જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા મનપાની ટીમ દ્વારા સેકટર-૨૩માં હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## લડ્ડુ ફાઉન્ડેશન દ્વારા કોવિડ-૧૯ રીલીઝ ફંડ





હાલ અમદાવાદ ખાતે ઘણા બધા વિસ્તારમાં ગરીબ વર્ગ, દરરોજ એ મજૂરી કરતો વર્ગ તથા અમુક અંશે મધ્યમવર્ગ પણ આ મહામારીમાં ઘણી બધી રીતે પીડાઈ રહ્યો હતો. આ લોકડાઉનમાં ખાસ કરીને ગરીબ વિસ્તારોમાં ઘણા બધા પાસે ન તો ખાવાનું છે, ન તો જરૂરી પૈસા છે. સરકાર તરફથી રેશનકાર્ડ ઉપરથી અનાજ લેવાનું સગવડ કરવામાં આવેલ છે. પરંતુ હજી પણ એમાં ઘણા બધા એવા વ્યક્તિઓ છે, જે કાં તો લાભ લઈ શકતા નથી અથવા મેળવેલ અનાજ તેમના પરિવાર માટે પૂરતું પડી રહેલ નથી.

આ સંજોગોમાં, પરિસ્થિતિ સમજીને લડ્ડુ ફાઉન્ડેશન નામની સંસ્થા એ વટવા વિસ્તારમાં આવેલ ઈડબલ્યુએસ ગરીબ આવાસ યોજનામાં આશરે ૨૮ દિવસથી રોજ ૧૦૦૦ વ્યક્તિઓને અન્ન પુરું પાડવાનું મુહિમ ઉઠાવી છે. આખી સગવડ એ રીતે ઊભી કરવામાં આવી છે જયાં કોઈ પણ વ્યક્તિએ પોતાની ચાલીની બહાર ન જ જવું પડે. અને તેમના જમવાનું તેમની નજીક જ મળી રહે તે રીતે ચાલીમાં જ જમવાનું બનાવવામાં આવે છે અને ત્યાં જ પૂરું પાડવામાં આવે છે. લાઈન બંધ રીતે સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ કડક પાલન કરવામાં આવે છે.

## ભક્તિ અને સેવાનો સંગમ એટલે નગરના યુવા કલાકાર અખિલેશ મહારાજ

કહેવાય છે કે કળિયુગમાં સનાતન હિંદુ ધર્મની કથા જ્યાં થતી હોય તેના કીર્તન અને



સત્સંગમાં અવશ્ય હરિ પધારે છે. આથી જ ભગવાન અને ભક્તનો મેળાપ કરાવી આપનાર



કથાકાર સમાજમાં હંમેશા સન્માનનીય હોય છે. અને એમાં પણ કથાકાર જ્યારે ભક્તિની સાથે માનવસેવાનું પણ કાર્ય કરે ત્યારે વધુ આદરપાત્ર બને છે. નવધા ભક્તિમાં નવ પ્રકારની ભક્તિ માં 'માનવ સેવા'નો પણ સમાવેશ થાય છે. આજે એવા જ એક યુવા કથાકાર અખિલેશભાઈ પુરોહિત સાથેની ટેલિફોનિક મુલાકાતના કેટલાક અંશો અહીં પ્રસ્તુત છે.

ગાંધીનગર પંથકના બોરીજ ગામના રહેવાસી અખિલેશભાઈ પુરોહિતે નગરના સૌથી જૂના મંદિર પંચદેવ મંદિરના શાસ્ત્રીશ્રી ફુલશંકર શાસ્ત્રીજી મહારાજ પાસેથી કર્મકાંડી બ્રાહ્મણનું શિક્ષણ મેળવ્યું છે. કર્મકાંડની સાથે કોઈપણ નાતજાતના ભેદભાવ વિના 'માનવ સેવા એ જ પ્રભુ સેવા'નું સૂત્ર અપનાવ્યું અને 'પંચદેવ યુવક મંડળ' હેઠળ અન્ય સાથીઓ મળીને સેવાકાર્યો ની જ્યોત શરૂ કરી.

લોકડાઉનના અત્યંત કપરા સમયમાં પંચદેવ યુવક મંડળ દ્વારા સેક્ટર ૨૨ના રંગમંચમાં રોજના ૨૦૦૦ શ્રમિકોનું ભોજન બનાવવામાં આવતું હતું. રોજ સવારે ૮ વાગ્યે યુવકમંડળના ઉત્સાહી યુવાનો ભોજન બનાવવાનો સેવાયજ્ઞ શરૂ કરતાં. આ ઉપરાંત 'રામરોટી' પ્રોજેક્ટ અંતર્ગત દરેક ઘરોમાંથી યથાચિત રોટલીઓ એકત્રિત કરી (આશરે ૭૦૦૦ રોટલીઓ) ને સાંજનું શાક યુવકમંડળ દ્વારા બનાવવામાં આવતું. આ રીતે, લાંબો સમય બંને સમય ભોજન બનાવ્યાનો તેઓને આનંદ થતો. હાલમાં બ્રહ્મસમાજના સહયોગથી કર્મકાંડી બ્રાહ્મણો અને મંદિરના પૂજારીઓ માટે ૧૦૦ થી વધુ અનાજની કીટ તૈયાર કરવામાં આવી છે. તદુપરાંત, ઈમરજન્સીના સમયે આ મંડળ જરૂરિયાતમંદ દર્દીઓને લોહી પણ પહોંચાડે છે. છેલ્લા અઠવાડિયામાં ચાર બોટલથી વધુ બ્લડ ડોનેશન કરવામા આવ્યું હતું.

અખિલેશ મહારાજે દરેક પ્રકારના કર્મકાંડ અને ઉત્તર ક્રિયા કરવાની સાથે ૩૦૦ ભક્તોના કાફલા સાથે ૬ વખત હરિદ્વારમાં ભાગવત



સપ્તાહ કરી છે. આ ઉપરાંત, કાશીમાં, વૃંદાવનમાં, ચારધામની યાત્રા સાથે કથા અને દક્ષિણ ભારતની યાત્રા સાથે કથા કરી છે. તેમણે અનેક વખત મધુર અવાજ માં ગાઈને સંગીતમય સુંદરકાંડ સંગીતવૃંદ સાથે કર્યા છે.

આ કપરા કાળ સિવાય પણ 'પંચદેવ યુવક મંડળ' દ્વારા દર વર્ષે 'અંબાજી પદયાત્રા સેવા કેન્દ્ર'નું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત, વૃદ્ધાશ્રમ અને



એચઆઈવીગ્રસ્ત બાળકોને સમયાંતરે જમાડવાનું સેવાકાર્ય પણ કરવામાં આવે છે.

શ્રી પંચદેવ મંદિરના પૂજારી શ્રી ભાનુભાઈના પ્રોત્સાહનથી 'પંચદેવ યુવક મંડળ' વધુ સુંદર કાર્ય કરી શકે તે માટે સૌને ખૂબ ખૂબ અભિનંદન. અને છેલ્લે, અખિલેશ મહારાજના કહેવા મુજબ તમામ હરિકથાનો નિષ્કર્ષ એ જ છે કે માનવીના હૃદય સુધી પહોંચવું; માનવની પીડા સમજવી.

- રૂદ્રી શુક્લ 'રિયાઝ'

## આત્મન અભિવ્યક્તિ બાળશિબિરમાં બાળકો ઘરમાં રહીને નવ સર્જન કરશે





ગાંધીનગર, તા.૧૪

આત્મન અભિવ્યકિત બાળશિબિર ઓનલાઈન એની બાળ શિબિર આયોજિત કરે છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે કુદરતના ખોળામાં બાળકો જઈ શકે તેમ નથી ત્યારે બાળકો સાથે સંપર્ક બનાવી રાખવા અને એમને ઘરેથી જ નવ સર્જન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બાળકોને યોગ, ડાન્સ, કવિતા, વાર્તા, ક્રાફ્ટ, સ્વાસ્થ્ય જેવા અનેક વિષયો વેબિનાર દ્વારા આપવામાં આવશે. આ બાળ શિબિર શનિવાર અને રવિવાર દિનાંક ૧૬ અને ૧૭ મે સાંજે પાંચ વાગ્યે ઝુમ એપ્લિકેશન દ્વારા યોજાશે. જે બાળકો જોડાવા માંગતા હોય એમણે આત્મન ફાઉન્ડેશનના મંત્રી શ્રી સંજય થોરાત મોબાઈલ નંબર - ૯૪૨૬૮૮૦૪૦૦ અથવા શિબિર સંયોજક શ્રી સી. એલ. મહેતા મોબાઈલ નંબર - ૯૪૨૬૦૦૯૬૪૯ પર સંપર્ક કરવા પ્રજ્ઞાબહેન પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



**સુરેશ પારઘી**
મો. ૯૪૨૬૫ ૦૭૧૦૮



**ડો. પ્રિ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ**
મો. ૯૪૨૭૩ ૯૯૩૩૨



**કશ્યમ નિમાવત**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો.૮૪૦૧૦ ૮૮૬૮૭



**ભારતીબેન પટેલ**
મો. ૯૯૭૯૧ ૦૫૯૮૦



**રાજસીભાઈ બેરીયા**
મો. ૯૦૯૯૯ ૦૪૫૬૨



**વિરેન અનિરુદ્ધ**
મો. ૭૦૧૬૩ ૬૯૦૪૩



**અમાન ખાન**



**રાવલ શૈલેન્દ્રકુમાર કે**
રેડક્રોસ, માણસા



**ઋતુરાજસિંહ પ્રતાપસિંહ પરમાર**
મો. ૮૧૨૮૭ ૦૨૭૨૦